DIGITAL EDITION
NOVEMBER 2025

અંક : ૪૦ નવેમ્બર ૨૦૨૫

દશનામ
સરક્યુલર



VISIT US :

www.dashnamcircular.me

વર્ષ : ૦૪
•
અંક : ૪૦
વિશેષાંક : ૦૯
•
નવેમ્બર ૨૦૨૫
•
તંત્રી
લલિતપુરી રામપુરી ગોસ્વામી
M.: +91 9898 55 0833
•
E-mail
dashnamcircular@gmail.com
•
Website
www.dashnamcircular.me
•
પ્રકાશન અને સંકલન
લલિતપુરી આર. ગોસ્વામી
જામજોધપુર / સુરત.
•
ડિઝાઈન
જી.પબ્લીકેશન્સ
સુરત.
•
પ્રાપ્તિ સ્થાન
વોટ્સએપ ગ્રુપ JOIN
ટેલિગ્રામ ચેનલ JOIN
ગુગલ ડ્રાઈવ CLICK
INTERNET Archive ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK

તંત્રીલેખ...

સકારાત્મક પરિવર્તન...

આપણા આજના ઝડપી અને ટેક્નોલોજી-કેન્દ્રીત યુગમાં ધર્મની પ્રાસંગિકતા જાળવી રાખવા માટે નવા અભિગમની આવશ્યકતા છે.

ધર્મ માત્ર મંદિરો, કર્મકાંડ કે પૂજા-પાઠ પૂરતો સીમિત ન રહેવો જોઈએ. ધર્મ એ તો જીવન જીવવાનો સકારાત્મક માર્ગ અને આંતરિક શાંતિનો સ્રોત છે.

આ નવો અભિગમ આપણને શીખવે છે કે ધર્મ એટલે સેવા - ગરીબ, પીડિત અને પર્યાવરણની નિઃસ્વાર્થ સેવા. ધર્મ એટલે સંવાદ - અન્ય ધર્મો અને વિચારો પ્રત્યે આદરભાવ રાખવો તથા ભેદભાવને દૂર કરવો. ધર્મ એટલે સંસ્કારનું આધુનિકરણ - ધાર્મિક મૂલ્યોને આજના વૈજ્ઞાનિક અને તાર્કિક યુગના સંદર્ભમાં સમજવા અને આચરણમાં મૂકવા.

યુવાનો ધર્મથી દૂર જઈ રહ્યા છે કારણ કે તેઓ તેને જીવનના વ્યવહાર સાથે જોડી શકતા નથી. આપણે ધર્મને ભયને બદલે પ્રેરણાનો સ્રોત બનાવવો પડશે. સત્ય, કરુણા અને નીતિમત્તાના પાયા પર ટકી રહેલો ધર્મ જ આપણને આધુનિક જીવનના તણાવ અને નિરાશામાંથી બહાર કાઢી, આત્મવિશ્વાસ તરફ દોરી જાય છે. ધર્મ આપણને આજના પડકારો સામે લડવાની શક્તિ આપે, તે જ સાચો 'નવો અભિગમ' છે.

આવો, આપણે સૌ મળીને આ સકારાત્મક પરિવર્તનને અપનાવીએ.

- લલિતપુરી આર. ગોસ્વામી

... અનુક્રમણિકા ...

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

About Us

"દશનામ સરક્યુલર" ઈ-મેગેઝિન

દશનામ ગોસ્વામી સમાજને એકસાથે જોડતું, માહિતીસભર અને પ્રેરણાદાયી એક અનોખું ડિજિટલ પ્લેટફોર્મ છે.

અમારો મુખ્ય ઉદ્દેશ્ય સમાચારો, લેખો, વ્યક્તિવિશેષ ઇન્ટરવ્યુ અને પ્રેરણાદાયી વાર્તાઓ દ્વારા સમાજને માહિતગાર કરવાનો છે. અમે આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું જતન કરવા, પરંપરાઓનું જ્ઞાન આપવા અને યુવાનોને તેમના ભવિષ્ય માટે પ્રેરણા પૂરી પાડવા કટિબદ્ધ છીએ.

આ ઈ- મેગેઝિન સમાજના સભ્યોને એકબીજા સાથે જોડી રાખવા, તેમના વિચારો અને અનુભવોનું આદાનપ્રદાન કરવા, અને સમાજની પ્રગતિ તથા ઉત્કર્ષ માટેનું એક સક્રિય અને અસરકારક માધ્યમ છે.

VISIT US :
www.dashnamcircular.me

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

લક્ષ્ય

અમારું લક્ષ્ય **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝિન દ્વારા દશનામ ગોસ્વામી સમાજને એક મંચ પર લાવવાનું છે.

અમે સમાજના સભ્યોને માહિતી, જ્ઞાન અને પ્રેરણા પૂરી પાડવા કટિબદ્ધ છીએ. આ મેગેઝિન દ્વારા, અમે સમાચારો, લેખો, વ્યક્તિવિશેષ ઇન્ટરવ્યુ અને પ્રેરણાદાયી વાર્તાઓ રજૂ કરીને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું જતન કરવા અને નવી પેઢીને આપણા મૂલ્યો અને પરંપરાઓથી વાકેફ કરવા માંગીએ છીએ.

યુવાનોને તેમના ભવિષ્ય માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવું, સામાજિક એકતાને મજબૂત કરવી અને સામૂહિક પ્રગતિને વેગ આપવો એ જ અમારું મુખ્ય ધ્યેય છે.

અમે સમાજને વધુ સશક્ત અને સુસંગઠિત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છીએ.

તંત્રીશ્રી

VISIT US :

www.dashnamcircular.me



''સનાતની''
હોવું એક શાશ્વત ગૌરવની અનુભૂતિ.

આધુનિકતાના પ્રવાહમાં જ્યારે વિશ્વ સંસ્કૃતિઓ અને મૂલ્યોના સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે એક એવી ધર્મધારા છે જે હજારો વર્ષોથી અડીખમ ઊભી છે - તે છે સનાતન ધર્મ. 'સનાતન' શબ્દનો અર્થ જ છે - જેનો કોઈ આરંભ કે અંત નથી, જે હંમેશાં હતું, છે અને રહેશે.

સનાતન ધર્મ માત્ર પૂજા-પાઠ કે કર્મકાંડનો સમૂહ નથી, પરંતુ તે જીવન જીવવાની એક શાશ્વત કળા અને જીવનનું વિજ્ઞાન છે. સનાતન હોવું એ માત્ર ધાર્મિક ઓળખ નથી, પણ એક ગહન અને અપરિવર્તનશીલ ગૌરવની અનુભૂતિ છે.

સનાતન ધર્મ આપણને **'વસુધૈવ કુટુંબકમ્'** (સમગ્ર વિશ્વ એક પરિવાર છે) અને **'સર્વે ભવન્તુ સુખિનઃ'** (સૌ સુખી થાઓ) જેવા ઉદાત્ત

આધુનિકતાના પ્રવાહમાં જ્યારે વિશ્વ સંસ્કૃતિઓ અને મૂલ્યોના સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે એક એવી ધર્મધારા છે જે હજારો વર્ષોથી અડીખમ ઊભી છે - તે છે સનાતન ધર્મ. 'સનાતન' શબ્દનો અર્થ જ છે - જેનો કોઈ આરંભ કે અંત નથી, જે હંમેશાં હતું, છે અને રહેશે.

સનાતન ધર્મ માત્ર પૂજા-પાઠ કે કર્મકાંડનો સમૂહ નથી, પરંતુ તે જીવન જીવવાની એક શાશ્વત કળા અને જીવનનું વિજ્ઞાન છે. સનાતન હોવું એ માત્ર ધાર્મિક ઓળખ નથી, પણ એક ગહન અને અપરિવર્તનશીલ ગૌરવની અનુભૂતિ છે.

સનાતન ધર્મ આપણને **'વસુધૈવ કુટુંબકમ્'** (સમગ્ર વિશ્વ એક પરિવાર છે) અને **'સર્વે ભવન્તુ સુખિનઃ'** (સૌ સુખી થાઓ) જેવા ઉદાત્ત વિચારો આપે છે. આ ધર્મ વ્યક્તિને માત્ર પોતાના મોક્ષની નહીં, પણ સમગ્ર સૃષ્ટિના કલ્યાણની ભાવના શીખવે છે. આ જ કારણ છે કે સનાતન ધર્મ અન્ય ધર્મો અને સંસ્કૃતિઓ પ્રત્યે હંમેશા સહિષ્ણુ રહ્યો છે. આ ઉદારતા જ આપણું સૌથી મોટું ગૌરવ છે.

સનાતન પરંપરામાં આધ્યાત્મિકતા ક્યારેય વિજ્ઞાનથી વિમુખ રહી નથી. યોગ, આયુર્વેદ, ખગોળશાસ્ત્ર અને ગણિત જેવા વિષયોનો આધાર આપણા પ્રાચીન ગ્રંથોમાં જોવા મળે છે. ઋષિમુનિઓએ આપેલો વૈદિક વારસો આજે પણ વિશ્વના વૈજ્ઞાનિકો માટે સંશોધનનો વિષય છે. તત્વજ્ઞાનથી લઈને જીવન વ્યવહાર સુધીના તમામ પાસાઓને સનાતન ધર્મ એક વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમજાવે છે. આ ધર્મ અંધશ્રદ્ધા નહીં, પણ જ્ઞાન અને તર્કની વાત કરે છે.

ગુજરાતની ધરતી પર સનાતન ધર્મ સદીઓથી ધબકે છે. દ્વારકાનાથજીના ધામથી લઈને સોમનાથના જ્યોતિર્લિંગ સુધી, આપણી સંસ્કૃતિનું મૂળ સનાતન ધર્મમાં છે. આપણા તહેવારો, ભજનો, લોકગીતો અને જીવનશૈલીમાં આ ધર્મની સુગંધ ભળેલી છે. કર્મ, ભક્તિ અને જ્ઞાનનો માર્ગ દર્શાવતો આ ધર્મ વ્યક્તિને તેની ક્ષમતા અને રુચિ અનુસાર વિકાસની તક આપે છે.

સનાતન હોવાનું ગૌરવ એટલા માટે છે કે, શાશ્વત મૂલ્યો સત્ય, અહિંસા, ધૈર્ય, દયા અને ક્ષમા જેવા અવિનાશી મૂલ્યો પર ટકેલો છે.

પર્યાવરણ પ્રેમ: વૃક્ષો, નદીઓ અને પશુઓને દેવતા માનીને પૂજવાની પ્રથા આપણને પ્રકૃતિનું જતન કરવાનું શીખવે છે.





- રમેશપુરી યુ. ગોસ્વામી 'સારથિ'
લાકડિયા, ભચાઉ (કચ્છ)

આઝાદીના ત્રણ અમર સિંહો :
ભગત, રાજગુરુ, સુખદેવ...!

અંદાજે સાડા છ લાખ લોકોએ પ્રાણોની આહુતિ આપી હતી, ત્યારે ગાંધીજીએ અહિંસક રીતે આઝાદી અપાવી એમ કહેવું એ બલિદાનીઓનું અપમાન નથી?

ગાંધી જ્યારે મહાત્મા બનવા તરફ અગ્રસર હતા, ત્યારે દૂર એક ગામડામાં એક છોકરો બંદૂકો વાવી રહ્યો હતો...!

ગાંધી વિથ ગોડસે તો ખુબ ચાલ્યું, પણ ગાંધી વિથ ભગત પણ ચગ્યું હતું! ગુલામ અખબારો સિવાયનાં વર્તમાનપત્રો ભગતસિંહ અને ગોડસે તરફી હતાં. આ પણ એક મજાનું આશ્ચર્ય હતું. અંગ્રેજોનાં અખબારો ગાંધીને મહાત્મા ચિતરવાનું ચૂકતા નહોતાં, તો બાબા

સાહેબ આંબેડકરનું 'જનતા', સાવરકરનું અખબાર એમ ભારતીય અખબારોમાં ગોડસે - ભગતને ક્રાંતિકારી કહેવાતા હતા. ઘણાં એવા લેખકો, પત્રકારો હતા, જે હાથે લખેલાં અખબારો વહેંચતા. જેથી અંગ્રેજોની નજરમાં ન આવી જવાય. જેમનાં નામ પણ રોજ બદલાતાં. ક્યારેક આઝાદ ભારત, ક્યારેક જયહિંદ, તો ક્યારેક અંગ્રેજો ભારત છોડો.. અલબત, આવા અખબારોની નિયમિતતા નહોતી. આજે બનાવ્યું, તો ફરી ક્યારે બનશે એ કંઈ નક્કી નહીં. આવી પ્રવૃત્તિઓ પર અંગ્રેજોની ચાંપતી નજર રહેતી. ગલી-કુંચીઓમાં ફરતા અંગ્રેજી સરકારના માણસો આવા કાગળો પર ખાસ ધ્યાન રાખવું એવો ઓર્ડર મોટા અફસરો આપતા.

અહિંસક ચળવળને એટલું તો મહત્વ અપાયું કે હિંસક ઝડપો, બલિદાનો, જલિયાવાલા બાગો... બધુંજ સાઈડ લાઈન થઇ ગયું. જલિયાવાલા બાગમાં ટોળું હિંસક પ્રદશન કરતું હતું? ના. કોઈ ગુન્હા વગર સેંકડો માણસોને જનરલ ડાયરના 'ફાયર' આદેશથી વીંધી નાખ્યા. એક શબ્દ અને અસંખ્ય લોકોનાં લાલ લોહીથી જમીન ભીની થઇ ગઇ હતી. આ હત્યાઓ સબબ ડાયરને કેટલી ફાંસી થવી જોઈએ? આનો ક્યા નેતાએ વિરોધ કર્યો હતો? કેમ કોઈ આમરણાંત ઉપવાસ પર બેઠા નહીં? માત્ર સોરીથી કામ ચાલી ગયું. એ સોરી પણ એરોગન્સ, ઇગો, તુંડ મિજાજથી ભરેલી હતી. એ બાગ આજે પણ નિશાન દેહી સાથે ગોળીઓના ઝખ્મ લઈને બેઠો છે. અંગ્રેજોનાં હિંસક સ્વભાવનું એપિસેન્ટર છે. બાગમાં ટોળું ભેગુ થયું હતું. અહિંસક આંદોલન. પણ જયારે ગાંધી અહિંસક આંદોલન કરતા ત્યારે અંગ્રેજો, કોંગ્રેસ (રિપિટ અંગ્રેજો) અને આખી વ્યવસ્થા પ્રસંશાનાં પુલ બાંધતી. જલિયાવાલા બાગનો બદલો લેવા ઉધમસિંહ એક માત્ર લક્ષ્ય સાથે જીવનભર ભટકીને અંતે ડાયરને શોધ્યો અને ભડાકે દીધો. આ બાબતે આગળ વાત કરીશું.

પંજાબનું લ્યાલપુર ગામ. એક નાનકડો છોકરો ખેતરમાં કંઇક કરી રહ્યો છે. બાપ આવીને પૂછે છે, શું કરે છે. ત્યારે કાલીઘેલી ભાષામાં એ જવાબ આપે છે: બંદૂક વાવું છું...!

એ આઝાદીનો મતવાલો ભગત હતો. ૨૮ સપ્ટેમ્બર, ૧૯૦૭નાં ખેડૂત પિતા કિશનસિંહ, માતા વિધ્યાવતીનાં આંગણે જન્મ. બીબી પ્રકાશ કૌર, રણબીરસિંહ, કરતારસિંહ, જગતસિંહ કુલબિર સિંહ...

આજના ૨૨-૨૫ વર્ષનાં જુવાનિયાઓ મેલે બાબુને થાના થાયા, સોના બાબુ, જાદુ ટોનામાં વ્યસ્ત છે, ત્યારે એમણે સિંહ ભગતનું જીવન વાંચવું જોઈએ.

રાજગુરુ : શિવરામ હરિ રાજગુરુ.

મહારાષ્ટ્રનાં પુણેનાં ખેડ ગામમાં ૨૪ ઓગસ્ટ, ૧૯૦૮માં જન્મ. દેશસ્થ બ્રાહ્મણ પરિવાર. લાલા લજપતરાય પર ક્રૂર અંગ્રેજોએ લાઠીઓ વીંઝીને હત્યા કરી નાખી હતી. આ પૂર્વ નિયોજીત હતું. આ સમય દરમિયાન ઘણાં ક્રાંતિકારીઓ આગળ આવતા હતા. બધાને જેલમાં પુરવાથી કે ફાંસી આપવાથી આંદોલન ઉગ્ર બની જાય એમ હતું, આથી લાઠીઓ વીંઝીને હત્યા કરવામાં આવી હતી. આ બનાવથી સુખદેવ

ઘણાં વિચલિત થયા હતા. આનો બદલો લેવા અંગ્રેજ અમલદાર જે. પી. સૌંડર્સની હત્યા ભગત, સુખદેવ સાથે મળીને કરી.

૨૩ માર્ચ, ૧૯૩૧નાં ફાંસી આપવામાં આવી. રાજગુરુની યાદમાં ખેડ ગામનું નામ રાજગુરુનગર કરવામાં આવ્યું છે.

સુખદેવ : પંજાબનાં લુધિયાણામાં તારીખ ૧૫ મે, ૧૯૦૭નાં રોજ જન્મ. પિતાનું નામ રામલાલ થાપર, માતાનું નામ રલ્લી દેવી. નેશનલ કૉલેજ ઑફ આર્ટમાં અભ્યાસ કર્યો. ભાઈ - બહેન જગદીશચંદ્ર થાપર, માથુરદાસ, પ્રકાશ ચંદ્ર, કૃષ્ણ, જયદેવ. હિંદુ ખત્રી પરિવારમાંથી આવતા સુખદેવનાં પિતાજીનું અવસાન થયું, આથી કાકા અંચિતરામ થાપરે ઉછેર કર્યો. હિન્દુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસિયેશનમાં જોડાઈને ક્રાંતિકારી બન્યા. પંજાબ એકમનું વડપણ કરીને આઝાદીનો અવાજ બુલંદ કર્યો. પંજાબ એકમના અગ્રણી હોવાથી તમામ પ્રવૃતિઓ સુખદેવની આગેવાનીમાં થતી. ૧૯૨૯માં ભુખ હડતાળ, અંગ્રેજ અમલદાર જે. પી.ની હત્યામાં સંડોવણી, જેવી કેટલીયે પ્રવૃત્તિઓ કરી હતી. લાહોર ષડયંત્ર કેસમાં મુખ્ય આરોપી હતા. આ કેસનું સતાવાર શીર્ષક હતું - "ક્રાઉન વિરુદ્ધ સુખદેવ અને અન્ય.." એપ્રિલ ૧૯૨૯માં સ્પેશિયલ મજિસ્ટ્રેટ આર. એસ. પંડિતની કોર્ટમાં વરિષ્ઠ પોલીસ અધિક્ષક હેલ્મીટન હોર્ડિંગ દ્વારા FRI દાખલ કરવામાં આવી હતી. પ્રથમદર્શી અહેવાલમાં સુખદેવ આરોપી એક હતા. FRIમાં લખ્યું હતું કે ગ્રામીણ, રામલાલના પુત્ર, જાતિ થાપર - ખત્રી.

૮ એપ્રિલ, ૧૯૨૯ના રોજ ત્રણ સરખે સરખા ભાઈબંધો મળીને બહેરી કંપની સરકારના કાન ખોલવા એસેંબલીમાં બૉમ ધડાકા કરવાના ગુન્હા સબબ ધરપકડ કરવામાં આવી અને ૨૩ માર્ચ, ૧૯૩૧ના રોજ લાહોર (હાલનું પાકિસ્તાન)ની જેલમાં ફાંસી આપવામાં આવી. લોક જુવાળ ફાટી નીકળ્યો હતો. ૨૩, ૨૩ વર્ષના જુવાનિયાઓને ફાંસી પર ચડાવવામાં આવી રહ્યા હતા અને 'મહાત્માઓ' મૌન હતા. અગ્રિમ હરોળના નેતાઓના મોઢા પર અંગ્રેજી ફેવિકોલ ચોંટી ગયો હતો. પોતાની લીટી લાંબી કરવાની લ્હાયમાં મોટા ભાગના નેતાઓ અકળાવનારું મૌન ધારણ કરીને બેઠા હતા. અહિંસક ગાંધી માટે ફાંસી હિંસા નહોતી? જુવાળ ફાટયો હતો લોકોમાં. સ્વયંભુ લોક ટોળું એક ગફલતમાં રહી ગયું, ફાંસીની તારીખ નકકી હતી, ૨૪. પણ ક્રૂર અંગ્રેજોએ ૨૩ તારીખનાં ફાંસી આપી દીધી. ૨૪ તારીખે કરાચી ખાતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું વાર્ષિક સંમેલન મળવાનું હતું. આથી કાયદો વ્યવસ્થા બગડવાની પૂરી સંભાવના હતી. એક તરફ કોંગ્રેસનું સંમેલન, બીજી તરફ દેશના ત્રણ જુવાનિયાઓને ફાંસી. એક તરફ આઝાદીની વાતો થવાની હતી, બીજી તરફ ત્રણ જુવાનનાં ગળા ઘોંટી દેવામાં આવનાર હતાં. આખું ભારત આ બાબતથી માહિતીગાર હતું. વર્તમાનપત્રોમાં અહેવાલો છપાતા. ધ ન્યુ યૉર્ક ટાઈમ્સમાં અહેવાલ છપાયો.:

સંયુક્ત પ્રાંતના કવનપોર (કાનપુર) શહેરમાં આતંકનું શાસન અને કરાચીની બહાર એક યુવાન દ્વારા મહાત્મા ગાંધી પર

હુમલો એ ભગત સિંહ અને તેમના બે સાથી હત્યારાઓને ફાંસી આપવા બદલ ભારતીય ચરમપંથી જુથના પ્રત્યાઘાતો હતા.

આ ન્યુઝ હતા કે પ્રોપગન્ડા? ગાંધીને સિફતથી મહાત્મા કહેનારું અખબાર ભગતસિંહ અને સાથીઓને હત્યારાઓ અને ચરમપંથી ચીતરતું હતું. મોટા ભાગના અખબારો આવું જ કરતા. અંગ્રેજો, જેણે જબરદસ્તી દેશ પર કબજો જમાવ્યો હતો, એને કંપની સરકાર જેવું રૂપકડું નામ અપાયું હતું, પણ એની સામે અવાજ ઉઠાવનારા ચરમપંથી? લગભગ તમામ અખબારો મથાળાંમાંજ ઝેર ઓકતા. પણ ગાંધીને મહાત્મા લખવાનું ચૂકતા નહીં. મહાત્માની વ્યાખ્યા શું? મહાત્મા એટલે ભગવાધારી સંત. જેણે પોતાનું સર્વસ્વ ત્યાગી દીધું હોય. ગાંધીએ શું ત્યાગ્યું હતું? પણ અંગ્રેજોના ગુલામ અખબારો ભારતીયતાને ખંડિત કરવા રોજ કવાયત આદરતા. પણ કોંગ્રેસ કે અમુક નેતાઓના લાખ ગુન્હા હોવા છતાં એક ટચૂકડી ખબર પણ ન છાપતા.

અમુક અખબારો હતાં, જે ક્રાંતિકારીઓની તરફેણ કરતાં. એમાં બી. આર. આંબેડકર પણ હતા. એમનું અખબાર 'જનતા'ના સંપાદકીય લેખમાં ભગતસિંહની ફાંસી પર સવાલ ઉઠાવ્યા હતા. લેબરપાર્ટીની આગેવાની હેઠળ બ્રિટિશ સરકારના કંઝર્વવેટિવ પાર્ટી તરફથી પ્રતિક્રિયાના ડર અને ઇંગ્લેન્ડના પ્રજામતને ખુશ કરવાના હેતુ સભર આ નિર્ણય હતો.. એવું બાબા સાહેબ લખતા. કંઈ સમજ્યા? ભારતમાં લોકોને ફાંસી આપવામાં આવતી, અને ખુશ ઇંગ્લેન્ડની પ્રજા થતી. આ બાબા સાહેબનાં શબ્દો છે. એ બાબા સાહેબ, જે એ જમાનામાં સૌથી વધુ ભણેલા હતા. માત્ર ભારતીય લોકોનું જ હિત ઈચ્છતા. જસ્ટ થિંક, કેટલી ક્રૂરતા?! હજારો કિલોમીટર દુરના લોકો એટલા માટે ખુશ થતા, કે ભારતમાં ભારતીય લોકોને ફાંસી આપવામાં આવી..! આજે માનવતાવાદની બેસુરી પીપુડી વગાડતા અંગ્રેજો ક્યા મોઢે માનવતા શબ્દ બોલી શકે? અડધી દુનિયાને છેતરીને લુંટી લીધી. પહેલા વેપારના નામે પગપેસારો કરતા, ત્યાર બાદ આખા દેશ પર કબજો જમાવી લેતા. આ ન્યાય હતો? કંપની સરકારના નામે ઠગીની દુકાન ચલાવી હતી. ફાંસીના થોડા અઠવાડિયા પહેલાં જ હસ્તાક્ષર કરાયેલી ગાંધી - ઇરવિન સમજૂતીને કંઝર્વટિવ પાર્ટી દ્વારા બ્રિટિશ સામ્રાજ્યની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડી હોવાનું માનવામાં આવતું હતું. આવું ઘણું આપસમાં થઈ રહ્યું હતું. જાણે કે શરત જ, તમે અમને મહાન કહો, અમે બ્રિટિશ સામ્રાજ્યને મહાન કહીશું. બ્રિટિશ સરકારની ટીકા દેશદ્રોહ ગણવામાં આવતો...!

ભગતસિંહ, રાજગુરુ, સુખદેવને એક દિવસ વહેલી ફાંસી આપવામાં આવી, કેમકે જે દિવસ નક્કી કરવામાં આવ્યો હતો એ દિવસે તો પાર્ટીનો પ્રોગ્રામ હતો. આથી વધતા જતા લોક જુવાળને અવગણીને પણ ત્રણ જુવાનોને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા. અંતિમ સમયમાં ત્રણેય મેરા રંગ દે બસંતી ચૌલા... ગીત ગાતા હતા. કોઈ અફસોસ નહીં, કોઈ ક્ષમા યાચના નહીં. હસતાં હસતાં ફાંસીનો ગાળિયો ચૂમીને વિરગતિ પામ્યા. ત્રણેયની ઉંમર સરખે



સરખી હતી. શું લગ્ન, શું પરિવાર... દેશ ભક્તની ચરમસીમા હતી ત્રણેયમાં. સતલજ નદીના કિનારે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા.

૨૩ માર્ચને શહીદ દિવસ મનાવવામાં આવે છે. આ ફાંસી પણ ટાળી શકાઈ હોત. આજે ભારતભરમાં આ ત્રણ નામ પર કેટલાંય સ્થળોનાં નામો અપાયાં છે. ૧૯૭૯માં સ્થાપના કરવામાં આવેલ દિલ્હી યુનિવર્સિટીની એક ઘટક કૉલેજ શહીદ સુખદેવ કૉલેજ ઑફ બિઝનેસ સ્ટડીઝ નામ અપાયું છે. અમર શહીદ સુખદેવ થાપર ઇન્ટર સ્ટેટ બસ ટર્મિનલ સુખદેવના જન્મ સ્થળ લુધિયાણા શહેરનું એક બસ સ્ટેન્ડ છે. બીજી પણ અનેક ઇમારતો આ ત્રણ વીરોના નામે છે. દેશ આજે શહીદ દિવસ ઉજવે છે. આ પરિવારો ક્યારેય કોઈ ઉટપટાંગ વાતો કે આજનાં તુચ્છ નેતાઓની જેમ ટ્વિટ કરીને બખાળા નથી કાઢતા. સુખદેવના લગન થયેલ એવું રિસર્ચમાં જાણવા મળ્યું. એમને એક સંતાન હતું - મધુ સહેગલ.

શું ચાહ્યું હતું સ્વાતંત્ર વીરોએ? આઝાદી. માત્ર આઝાદી...

મોહે રંગ દે...!

૨૩ માર્ચની વહેલી સવારે વોર્ડન ચરતસિંહે ચાર વાગ્યે આવીને કહ્યું, ઉપરથી આદેશ છે. બધા પોત પોતાની ઓરડીમાં ચાલ્યા જાય. અંદાજ આવી ગયો બધાને. ફાંસી.! બરકત નામનો હજામ ઓરડીઓની પાસેથી બબડતાં પસાર થયો, આજ ભગતસિંહ, સુખદેવ, રાજગુરુની ફાંસી છે. વાતાવરણ ગમગીન બની ગયું. કેદીઓ કહેતા હતા:- 'ભાઈ બરકત... એક કામ કરીશ? ભગતસિંહ, સુખદેવ, રાજગુરુની ચીજવસ્તુઓ પેન, કાંસકો, ઘડિયાળ, કપડાં, જે હોય તે લાવી આપજે. અમે અમારા સંતાનોને કહીશું, અમે શહીદો સાથે જેલમાં હતા...'

આ દિવસે સવારે વાતાવરણમાં પલટો આવ્યો. જોરદાર વાવઝોડું આવ્યું હતું...!

કુદરત પણ નારાજ થઈ ગઈ હતી..!

શહાદતનું ઋણ ચૂકવવું શક્ય નથી, દેશસેવા એ જ સાચી શ્રદ્ધાંજલિ છે.

પરિવારની એકતા...



પરિવારની એકતા માનવ જીવનનો સૌથી મોટો આધારસ્તંભ છે.

ચેતના ગોસ્વામી ઉર્ફે ઊર્જા
સુરત



એકતા એ એવી શક્તિ છે જે પરિવારને મુશ્કેલીઓમાં પણ ટકાવી રાખે છે. જ્યાં એકતા હોય ત્યાં સમજ-સહકાર, પ્રેમ અને વિશ્વાસ ફૂલે-ફાલે છે.

આજના આધુનિક યુગમાં, જ્યાં વ્યક્તિ પોતાની જાતમાં વ્યસ્ત થઈ ગઇ છે, ત્યાં પરિવારની એકતાનું મહત્વ વધુ વધી ગયું છે. પરિવાર માત્ર લોહીનો સંબંધ નથી, પરંતુ એક એવી સંસ્થા છે જ્યાં દરેક સભ્ય એકબીજા સાથે ભાવનાત્મક રીતે જોડાયેલ હોય છે. એકતા એ પરિવારના દરેક સભ્યને એક દોરામાં બાંધે છે.

જ્યારે પરિવાર એકસાથે રહે છે, ત્યારે દરેક સમસ્યા સરળ થઈ જાય છે, કારણ કે અનેક મન અને હૃદય મળીને ઉકેલ શોધે છે. માતા-પિતા સંતાનો માટે આશ્રયનું કાર્ય કરે છે, અને સંતાનો માતા-પિતાની પ્રતિષ્ઠા અને પ્રેમને જાળવી રાખે છે - એ જ તો એકતા છે.

પરિવારની એકતા સમાજ માટે પણ ઉદાહરણરૂપ છે. એક સંકુત અને સુમેળભર્યો પરિવાર સમાજને શાંતિ, પ્રેમ અને સહકારનો માર્ગ બતાવે છે. જો દરેક પરિવાર એકતામાં રહે, તો આખું સમાજ સુવ્યવસ્થિત બને છે. આ કારણે અલગાવ, ઝઘડા, ઈર્ષ્યા અને અવિશ્વાસ જેવી નકારાત્મક લાગણીઓનો અંત થાય છે.

એકતાવાળા પરિવારમાં દરેક સભ્ય પોતાનો હિત કરતાં પણ પરિવારના હિતને અગત્યનું માને છે. અનુસાર અને સંવાદ એકતાને મજબૂત બનાવવાના મુખ્ય સાધનો છે. જો પરિવારમાં ખુલ્લો સંવાદ રહે, તો ગેરસમજને સ્થાન મળતું નથી. નાની-નાની વાતોમાં સહનશીલતા રાખવી, એકબીજાની લાગણીઓનો માન રાખવો અને જરૂર પડ્યે સમાધાનનો માર્ગ અપનાવવો - આ એકતા જાળવવાના મુખ્ય નિયમો છે.

જ્યારે સભ્યો વચ્ચે સહકાર અને પરસ્પર વિશ્વાસ હોય, ત્યારે કોઇ પણ મુશ્કેલી મોટી લાગતી નથી.એકતા માત્ર મોટાં પરિવારોમાં જ નહી, નાના પરિવારોમાં પણ એટલી જ અગત્યની છે. આજના સમયમાં, નોકરી અને શિક્ષણ માટે સભ્યો અલગ-અલગ રહે છે, છતાં તેમના વચ્ચેના પ્રેમના તાર અખંડ રહે શકે છે. ટેકનોલોજી અને સંવાદના માધ્યમો દ્વારા પણ તે એકતા જાળવી શકાય છે.

સંબંધો શરીરથી નહિ, હૃદયથી જીવાયા કરે છે. પરિવારની એકતાનું સાચું સૌંદર્ય એ છે કે દરેક વ્યક્તિ પોતાના સ્વાર્થથી ઉપર ઉઠીને એકબીજાના સુખ-દુઃખમાં જોડાય છે. એકતા એ સહાનુભૂતિ, સહકાર અને સમજૂતીનો સમન્વય છે. જો આ ત્રણ ગુણો દરેક ઘરમાં પ્રસરે, તો તે ઘર સ્વર્ગ સમાન બની જાય છે.

અંતમાં, એ કહી શકાય કે પરિવારની એકતા એ જીવનની સૌથી મોટી સંપત્તિ છે. પૈસા, સ્થાન કે પ્રતિષ્ઠાથી વધારે કિંમતી એ છે કે પરિવારના દરેક સભ્ય વચ્ચે પ્રેમ અને સહકાર જળવાય રહે. એકતા જ એ એવી શક્તિ છે જે પરિવારને અખંડ, મજબૂત અને ખુશ રાખે છે.

ૐ નમો નારાયણ.

એક દીવાલ, એક છત,
પણ એક હૃદય
એ જ પરિવારની એકતા.



ચાણક્ય સૂત્ર :

- **ખરાબ સંગતથી દૂર રહો**

  ચાણક્ય કહે છે કે જે લોકો ખોટા લોકો સાથે મિત્રતા કરે છે અથવા ખરાબ સંગતમાં પડી જાય છે, તેમને ભવિષ્યમાં તેનું ખરાબ પરિણામ ભોગવવું પડે છે.

- **સમયનો સદ્ઉપયોગ કરો**

  યુવાનીમાં સમયનો દુરુપયોગ કરનારા લોકો સફળતાની રેસમાં પાછળ પડી જાય છે અને આખી જિંદગી પસ્તાય છે.

- **પુરુષાર્થ કરો, ભાગ્યના ભરોસે ન બેસો**

  જે લોકો આખું જીવન ભાગ્યના ભરોસે બેસી રહે છે કે એક દિવસ તેમનું ભાગ્ય ચમકશે, તેમની સમય પછી દુર્દશા થઈ શકે છે.

- **જીવનમાં શિસ્ત જાળવો**

  શિસ્ત વિના સફળતા મેળવવી મુશ્કેલ છે. કેટલાક લોકો યુવાનીમાં શિસ્તની અવગણના કરે છે અને તેનું પરિણામ ભોગવે છે.

- **ભવિષ્યનું આયોજન કરો**

  જે લોકો ભવિષ્યની ચિંતા કર્યા વિના પોતાની યુવાની બેદરકારીથી વિતાવે છે, તેમને અંતે પસ્તાવા સિવાય બીજું કંઈ નથી મળતું.

શિક્ષણ :



શિક્ષણ, દિવાળી અને શિક્ષકનો ત્રેવડો સંગમ...

બબ્બે વાર રાષ્ટ્રીય સન્માનિત શિક્ષક
- બલદેવપરી ગોસ્વામી
કાથરોટા, જુનાગઢ



શિક્ષણ દિવાળી: પ્રજ્ઞાના દીપક અને ઘડતરના ઉત્સવનો સમન્વય

પર્વનો સાચો અર્થ :

ભારતવર્ષ ઉત્સવોની ભૂમિ છે. દરેક ઉત્સવ પોતાની સાથે એક સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને સામાજિક સંદેશ લઈને આવે છે. આ બધા ઉત્સવોમાં શિરમોર છે 'દિવાળી' - દીપાવલી, પ્રકાશનું પર્વ. ભગવા રામના અયોધ્યા પુનરાગમનનો આનંદ હોય કે નરકાસુર પર શ્રીકૃષ્ણના વિજયનું પ્રતીક, દિવાળી મૂળભૂત રીતે 'અંધકાર પર પ્રકાશના વિજય'નું પર્વ છે.

આપણે દિવાળીમાં શું કરીએ છીએ? ઘરનો ખૂણેખૂણો સાફ કરીએ છીએ. જૂનો, નકામો કચરો બહાર ફેંકીએ છીએ. ઘરને રંગ-રોગાનથી સજાવીએ છીએ. નવા વસ્ત્રો પહેરીએ છીએ, મિષ્ટાન વહેંચીએ છીએ અને સૌથી અગત્યનું, માટીના કોડિયામાં દીપ પ્રગટાવીને અમાસની ઘોર અંધારી રાતને પણ પૂનમમાં ફેરવી નાખીએ છીએ.

આ બધું જ બાહ્ય છે. પણ શું આપણે ક્યારેય વિચાર્યું છે કે આ બાહ્ય ક્રિયાઓ પાછળનો ગહન આંતરિક સંદેશ શું છે? જો દિવાળી માત્ર બહારના અંધકારને દૂર કરવાનું પર્વ હોય, તો એ વર્ષમાં એક જ વાર કેમ? સાચો અંધકાર તો આપણી ભીતર છે. એ અંધકાર છે અજ્ઞાનનો, અંધશ્રદ્ધાનો, સંકુચિત માનસિકતાનો અને નકારાત્મક વિચારોનો.

અને આ આંતરિક અંધકારને દૂર કરવાના મહાપર્વનું નામ છે "શિક્ષણ દિવાળી".

આ 'શિક્ષણ દિવાળી' કોઈ એક દિવસ, પાંચ દિવસ કે એક મહિનાનો તહેવાર નથી. આ એ પર્વ છે જે બાળકના જન્મથી શરૂ થાય છે અને જીવનના અંતિમ શ્વાસ સુધી ચાલે છે. આ એ દિવાળી છે જે બહારના દીવડાઓથી નહીં, પણ મનના દીવડાઓથી ઉજવાય છે.

પરંતુ, જેમ પેલી બાહ્ય દિવાળી ઉજવવા આપણને દીવો, વાટ અને તેલની જરૂર પડે છે, તેમ આ 'શિક્ષણ દિવાળી' ઉજવવા માટે આપણને કોની જરૂર પડે?

એક દીવો... એક એવો પ્રગટ દીવો, જે પોતે બળીને બીજા હજારો બુઝાયેલા દીવાઓને પ્રગટાવવાની ક્ષમતા રાખે છે. અને એ જીવંત દીપકનું નામ છે "શિક્ષક".

આ લેખ એ જ 'શિક્ષણ દિવાળી' અને એના મુખ્ય યજમાન એવા 'શિક્ષક'ને સમર્પિત છે.

દિવાળીનું તત્વજ્ઞાન અને શિક્ષણની પ્રક્રિયા:

દિવાળીના દરેક રિવાજમાં શિક્ષણનું એક ગહન રૂપ છુપાયેલું છે. જો આપણે તેને ઊંડાણથી સમજીએ, તો આપણને ખ્યાલ આવશે કે આપણા ઋષિમુનિઓએ કેવી અદ્ભુત રીતે જીવન જીવવાની કળાને ઉત્સવોમાં વણી લીધી છે.

સફાઈ અભિયાન: મનની શુધ્ધિ

દિવાળી આવતા પહેલા જ આપણે ઘરની સાફ-સફાઈ શરૂ કરી દઈએ છીએ. જાળાં, ધૂળ, કચરો, તૂટેલી-ફૂટેલી વસ્તુઓ... બધું જ બહાર. કેમ? કારણ કે સ્વચ્છ ઘરમાં જ લક્ષ્મીનો વાસ થાય છે.

શિક્ષણની પ્રક્રિયા પણ આ જ છે. શિક્ષક એ પહેલો વ્યક્તિ છે જે વિદ્યાર્થીના 'મનરૂપી ઘર'માં સફાઈ અભિયાન શરૂ કરે છે. બાળકના મનમાં શું હોય છે? અજ્ઞાનના જાળાં, ખોટી માન્યતાઓનો કચરો, ડર અને સંશયની ધૂળ. એક કુશળ શિક્ષક પોતાના જ્ઞાનરૂપી સાવરણાથી આ બધું જ સાફ કરે છે.

તે વિદ્યાર્થીના મનમાંથી 'મને નહીં આવડે'નો ડર કાઢે છે. તે 'આવું જ હોય' એવી જડ માન્યતાઓરૂપી તૂટેલી વસ્તુઓને બહાર ફેંકે છે. તે બાળકના મનને એટલું સ્વચ્છ અને પવિત્ર બનાવે છે કે તેમાં 'જ્ઞાનરૂપી લક્ષ્મી' અને 'વિવેકરૂપી સરસ્વતી'નો વાસ થઈ શકે. આ છે

શિક્ષણની પ્રથમ 'દિવાળી સફાઈ'.

રંગોળી અને સુશોભન: મૂલ્યોનું સિંચન

સફાઈ પછી આપણે ઘરને રંગોળી અને તોરણથી સજાવીએ છીએ. રંગોળી એ સર્જનાત્મકતા, કલા અને એકાગ્રતાનું પ્રતીક છે. તેમાં વિવિધ રંગો હોવા છતાં એક અદ્‌ભુત સંવાદિતા (Harmony) હોય છે.

શિક્ષક પણ વિદ્યાર્થીના કોરા મન પર માત્ર સફાઈ કરીને અટકતો નથી. તે તેમાં 'મૂલ્યોની રંગોળી' પૂરે છે.

* લાલ રંગ: હિમત અને જુસ્સાનો.

* લીલો રંગ: પ્રકૃતિ પ્રેમ અને સમૃધ્ધિનો.

* સફેદ રંગ: સત્ય અને પવિત્રતાનો.

* કેસરી રંગ: ત્યાગ અને સેવાનો.

શિક્ષક વિદ્યાર્થીને માત્ર ગણિત-વિજ્ઞાન નથી શીખવતો, તે તેને પ્રામાણિકતા, સહાનુભૂતિ, વડીલો પ્રત્યે આદર, રાષ્ટ્રપ્રેમ અને કરુણા જેવા અનેક રંગોથી ભરેલી જીવનમૂલ્યોની રંગોળી બનાવતા શીખવે છે. આ 'શિક્ષણ દિવાળી'નું સુશોભન છે, જે વિદ્યાર્થીના વ્યક્તિત્વને આકર્ષક બનાવે છે.

મિષ્ટાન: જ્ઞાનનું માધુર્ય

દિવાળી એટલે મીઠાઈઓનું પર્વ. મીઠાશ વહેંચવાથી સંબંધોમાં મધુરતા આવે છે.

શિક્ષકનું જ્ઞાન ક્યારેય શુષ્ક નથી હોતું. એક સારો શિક્ષક કઠિનમાં કઠિન વિષયને પણ રસપ્રદ વાર્તાઓ, ઉદાહરણો અને રમૂજ દ્વારા 'મિષ્ટાન' જેવો મીઠો અને સુપાચ્ય બનાવી દે છે. તે જ્ઞાનને 'ભાર' નહીં, પણ 'પ્રસાદ' બનાવીને વહેંચે છે. જે વિદ્યાર્થી એ જ્ઞાનરૂપી મીઠાઇ ચાખે છે, તેનું જીવન મધુર બની જાય છે. શિક્ષણની આ મીઠાશ જ વિદ્યાર્થીને આજીવન શીખવા માટે પ્રેરિત રાખે છે.

નૂતન વર્ષ: નવી દ્રષ્ટિની શરૂઆત

દિવાળી પછી બેસતું વર્ષ આવે છે. આપણે જૂના ચોપડા પૂરા કરી નવા ચોપડા શરૂ કરીએ છીએ. જૂના હિસાબ-કિતાબ ભૂલી, નવી શરૂઆત કરીએ છીએ.

શિક્ષણ એ દરરોજ એક 'નવું વર્ષ' છે. શિક્ષક દ્વારા મળતું જ્ઞાન વિદ્યાર્થીના જીવનમાં એક નવો અધ્યાય ખોલે છે. તે વિદ્યાર્થીને દુનિયાને જોવાની એક 'નવી દ્રષ્ટિ' આપે છે. જે બાળક પક્ષીને માત્ર 'ચકલી' તરીકે જોતું હતું, શિક્ષકના જ્ઞાન પછી તે તેને 'વિહંગમ' તરીકે, પર્યાવરણના એક મહત્વના હિસ્સા તરીકે અને ઈશ્વરની અદ્‌ભુત કલાકૃતિ તરીકે જોતું થાય છે. આ છે દ્રષ્ટિનું નવું વર્ષ. શિક્ષક વિદ્યાર્થીના જીવનમાં રોજ નવા સંકલ્પો અને નવી શક્યતાઓના 'ચોપડા' ખોલે છે.

શિક્ષક-એ પ્રગટ દીપક (ધ લિવિંગ લેમ્પ):

'શિક્ષણ દિવાળી'ના આ મહાપર્વમાં જો કોઈનું સ્થાન કેન્દ્રમાં હોય, તો તે શિક્ષક છે. શિક્ષક એ માત્ર જ્ઞાન આપતો મશીન નથી; તે એક ચેતના છે, એક ઊર્જા છે, એક પ્રગટ દીપક છે.

ચાલો, આ દીપકના વિવિધ સ્વરૂપોને સમજીએ:

માટીનો કોડિયો: નમ્રતા અને સ્વીકૃતિ

દીવો હંમેશા માટીનો બનેલો હોય છે. માટી એટલે જમીન સાથેનું જોડાણ, સાદગી અને નમ્રતા. એક સાચો શિક્ષક ક્યારેય અભિમાની નથી હોતો. તે માટીના કોડિયા જેવો નમ્ર હોય છે, કારણ કે તે જાણે છે કે

તેની પાસે ગમે તેટલું જ્ઞાન હોય, તે અનંત જ્ઞાનસાગર સામે એક બુંદ માત્ર છે.

જેમ માટીનું કોડિયું તેલને પોતાની અંદર સમાવી લે છે, તેમ શિક્ષક પણ દરેક વિદ્યાર્થીને તેના દોષો સાથે સ્વીકારે છે. તે કોઈ વિદ્યાર્થીને 'નબળો' ગણીને ફેંકી દેતો નથી. તે દરેક બાળકને પોતાની અંદર સ્થાન આપે છે અને તેને સુધારવાનો પ્રયાસ કરે છે.

સ્નેહનું તેલ: લાગણી અને સમર્પણ

કોડિયામાં તેલ (ઘી) પૂરવું પડે છે. આ તેલ એટલે શિક્ષકનું 'સ્નેહ', 'સમર્પણ' અને 'ધીરજ'. તેલ વિના વાટ બળી શકે નહીં.

જો શિક્ષકમાં વિદ્યાર્થી પ્રત્યે સ્નેહ ન હોય, તો શિક્ષણ માત્ર એક યાંત્રિક ક્રિયા બની જાય છે. શિક્ષક પોતાનું તેલ, એટલે કે પોતાની ઊર્જા, પોતાનો સમય અને ક્યારેક પોતાનું આખું જીવન વિદ્યાર્થીઓ પાછળ ખર્ચી નાખે છે. માતા જેમ બાળકને પોષે છે, તેમ શિક્ષક વિદ્યાર્થીના મનને સ્નેહથી સિંચે છે. આ સ્નેહનું તેલ જ જ્ઞાનની જ્યોતને ટકાવી રાખે છે.

ચારિત્ર્યની વાટ: આચરણ અને પ્રેરણા

હવે આવી વાટ. વાટ એટલે શિક્ષકનું પોતાનું 'ચારિત્ર્ય' અને 'આચરણ'. વાટ પોતે બળે છે, ત્યારે જ પ્રકાશ ફેલાય છે. "A teacher teaches what he is, not what he teaches."

શિક્ષક જો પોતે જ સમયપાલન ન કરતો હોય, તો તે વિદ્યાર્થીને સમયનું મૂલ્ય શું શીખવશે? શિક્ષક જો પોતે જ અસત્ય બોલતો હોય, તો તે સત્યનો પાઠ કેવી રીતે ભણાવશે?

સાચો શિક્ષક એ છે જે 'કહેવા' કરતાં 'કરી બતાવવામાં' માને છે. તેની વાટ સમર્પણની આગમાં ધીમે ધીમે બળતી રહે છે. વિદ્યાર્થીઓ પુસ્તકોમાંથી ઓછું અને શિક્ષકના ચારિત્ર્યમાંથી વધુ શીખે છે. આ 'વાટનું બળવું' એ જ સાચી 'શિક્ષણ દિવાળી' છે.

જ્ઞાનની જ્યોત: અંધકારનો વિનાશ

અને અંતે, એ જ્યોત... એ 'પ્રકાશ'. આ જ્યોત એટલે 'જ્ઞાન'. શિક્ષકરૂપી દીપકમાંથી પ્રગટતી આ જ્યોત વિદ્યાર્થીના જીવનમાં શું કરે છે?

* તે અજ્ઞાનના અંધકારને દૂર કરે છે. જે વિદ્યાર્થી ગણિતથી ડરતો હતો, તેના મનમાં આ જ્યોત આત્મવિશ્વાસ પ્રગટાવે છે.

* તે પથ દર્શાવે છે. જીવનના બે રસ્તાઓ પર જ્યારે વિદ્યાર્થી ગૂંચવાય છે, ત્યારે શિક્ષકની જ્ઞાન-જ્યોત તેને સાચો માર્ગ બતાવે છે.

* તે હૂંફ આપે છે. જ્યારે વિદ્યાર્થી નિષ્ફળતાની ઠંડીથી ધ્રૂજે છે, ત્યારે શિક્ષકની આ જ્યોત તેને હિંમત અને પ્રેરણાની હૂંફ આપે છે.

એક દીપ સે જલે દૂસરા - જ્ઞાનની દીપમાળા :

દિવાળીની સૌથી સુંદર વાત એ છે કે આપણે એક જ દીવાથી હજારો દીવા પ્રગટાવી શકીએ છીએ. અને આશ્ચર્યની વાત એ છે કે, પહેલો દીવો બીજા દીવાને પ્રગટાવવાથી ઓછો પ્રકાશિત થતો નથી; ઉલટાનું, સમગ્ર વાતાવરણ વધુ પ્રકાશિત બને છે.

આ જ શિક્ષકનું મહાત્મ્ય છે.

એક એન્જિનિયર એક પુલ બનાવે છે. એક ડૉક્ટર એક દર્દીને સાજો કરે છે. એક

વકીલ એક કેસ લડે છે. પણ એક શિક્ષક?

એક શિક્ષક પોતાના જ્ઞાનરૂપી દીવાથી હજારો દીવાઓ પ્રગટાવે છે. એ હજારો દીવા એટલે કે તેના વિદ્યાર્થીઓ. અને એ વિદ્યાર્થીઓ મોટા થઈને ડૉક્ટર, એન્જિનિયર, વૈજ્ઞાનિક, કલાકાર અને હા, કદાચ બીજા 'શિક્ષકો' બને છે.

શિક્ષક એવો દીપક છે જે પોતાના જેવી જ્યોત ધરાવતા અનેક દીપકોની 'દીપમાળા' રચે છે. તે જ્ઞાન વહેંચવાથી ક્યારેય ખાલી થતો નથી. તેનું જ્ઞાન તો ઉલટાનું વધે છે. તે સમાજમાં એક એવી 'જ્ઞાન-શૃંખલા' બનાવે છે, જે પેઢી દર પેઢી અંધકાર સામે લડતી રહે છે.

આપણે દિવાળીમાં ફટાકડા ફોડીએ છીએ. નરકાસુર જેવા અસુરના વધની એ ઉજવણી છે. 'શિક્ષણ દિવાળી'માં પણ ફટાકડા ફૂટે છે, પણ એ અવાજના નહીં, વિચારના હોય છે. જ્યારે શિક્ષકનો એક પ્રશ્ન વિદ્યાર્થીના મનમાં રહેલી જડ માન્યતાનો 'વિસ્ફોટ' કરે છે, એ સાચો 'ફટાકડો' છે. જ્યારે વિદ્યાર્થીના મનમાં 'યુરેકા'નો ચમકારો થાય છે, એ સાચી 'તારામંડળ' (ફૂલઝડી) છે. શિક્ષક વિદ્યાર્થીના મનમાં રહેલા આળસ, અહંકાર અને અજ્ઞાનરૂપી અસુરોનો વધ કરવા માટે જ્ઞાનના 'સુદર્શન ચક્ર'નો ઉપયોગ કરે છે.

આધુનિક યુગ અને 'શિક્ષણ દિવાળી'નું બદલાતું સ્વરૂપ :

આજની દિવાળી બદલાઈ છે. માટીના કોડિયાનું સ્થાન ઇલેક્ટ્રિક સીરીઝે લીધું છે. મીઠાઈઓનું સ્થાન ચોકલેટે લીધું છે. અને ફટાકડાનો ઘોંઘાટ વધ્યો છે.

તેવી જ રીતે, 'શિક્ષણ દિવાળી' પણ બદલાઈ રહી છે.

આજનો 'અંધકાર' અલગ છે. આજે અજ્ઞાનનો અંધકાર ઓછો છે, પણ 'ખોટા જ્ઞાન' (Misinformation) અને 'અર્ધસત્ય' (Half-truth)નો અંધકાર વધુ ઘેરો છે. ગુગલ અને સોશિયલ મીડિયા માહિતીનો 'વિસ્ફોટ' કરી રહ્યા છે, પણ 'વિવેક' અને 'જ્ઞાન' નથી આપી રહ્યા.

આવા સમયે, શિક્ષકની ભૂમિકા 'દીપક' તરીકે વધુ મહત્વની બની જાય છે.

* આજનો શિક્ષક માત્ર માહિતી આપનાર (Informer) નથી, તે માહિતીને ચકાસનાર (V e r i f i e r) અને વિવેક આપનાર (Facilitator) છે.

* પહેલાનો શિક્ષક 'પાઠ્યપુસ્તક' હતો, આજનો શિક્ષક 'લાઈબ્રેરી'નું સરનામું બતાવનાર 'માર્ગદર્શક' છે.

* આજનો શિક્ષક વિદ્યાર્થીને 'શું વિચારવું' (What to think) તે નથી શીખવતો, પણ 'કેવી રીતે વિચારવું' (How to think) તે શીખવે છે.

આધુનિક યુગની 'શિક્ષણ દિવાળી'માં શિક્ષકરૂપી દીપકે માત્ર અજ્ઞાન સામે નહીં, પણ ડિજિટલ ડિસ્ટ્રેક્શન (D i g i t a l Distraction), માનસિક તણાવ (Mental Stress) અને નૈતિક મૂંઝવણ (Ethical Dilemma) જેવા નવા અંધકારો સામે પણ લડવાનું છે. આ કામ વધુ પડકારજનક છે, અને એટલે જ આજનો શિક્ષક વધુ સન્માનનો અધિકારી છે.

ચાલો, સાચા દીપકને પ્રણામ કરીએ :

દિવાળી આવે છે અને જાય છે. દીવડાઓ પ્રગટે છે અને બુઝાઈ જાય છે.

મીઠાઈઓ ખવાય છે અને પતી જાય છે. પણ એક દીવો એવો છે જે ક્યારેય બુઝાતો નથી. એ છે શિક્ષક દ્વારા પ્રગટાવેલો જ્ઞાનનો દીવો.

એક શિક્ષક પોતે 'માટીનો કોડિયો' બનીને નમ્ર રહે છે. પોતે 'તેલ' બનીને સ્નેહ વહેંચે છે. પોતે 'વાટ' બનીને આખી જિંદગી બળતો રહે છે, માત્ર એટલા માટે કે તેના વિદ્યાર્થીઓના જીવનમાં 'જ્ઞાનનો પ્રકાશ' ફેલાઈ શકે.

આ દિવાળીએ, જ્યારે આપણે બજારમાંથી મોંઘાદાટ દીવા અને લાઈટો ખરીદીએ, ત્યારે એક ક્ષણ ઊભા રહીને એ 'જીવંત દીપક'ને યાદ કરીએ જેણે આપણું જીવન અજવાળ્યું છે.

* એ શિક્ષક, જેણે આપણને પહેલી વાર 'ક, ખ, ગ' લખતા શીખવાડ્યું.

* એ શિક્ષક, જેણે ગણિતનો ડર ભગાડ્યો.

* એ શિક્ષક, જેણે આપણી ભૂલ પર ઠપકો આપ્યો, પણ પીઠ પાછળ આપણી પ્રશંસા કરી.

* એ શિક્ષક, જેણે આપણને માત્ર ભણાવ્યું નહીં, પણ 'ઘડ્યા'.

આપણી સાચી 'શિક્ષણ દિવાળી' ત્યારે જ ઉજવાશે, જ્યારે આપણે આ શિક્ષકરૂપી દીપકનું સન્માન કરીશું. જ્યારે આપણે તેના ત્યાગ અને સમર્પણને ઓળખીશું. જ્યારે તેના દ્વારા મળેલા જ્ઞાનના પ્રકાશને આપણા ચારિત્ર્યમાં ઉતારીને સમાજમાં ફેલાવીશું.

ચાલો, આ દિવાળીએ સંકલ્પ લઈએ. આપણે આપણા ઘરમાં તો દીવા પ્રગટાવીશું જ, પણ સાથે મળીને એવા સમાજનું નિર્માણ કરીશું જ્યાં દરેક 'શિક્ષક'રૂપી દીપકનું ગૌરવ જળવાય, કારણ કે એ દીવો પ્રગટતો રહેશે, તો જ રાષ્ટ્રનું ભવિષ્ય ઉજ્જવળ રહેશે.

શિક્ષક એ જ સાચો જ્ઞાનદીપ છે. એમને અને એમના દ્વારા પ્રગટાવેલી 'શિક્ષણ દિવાળી'ને શત શત વંદન.

સૌને દિવાળી અને નૂતન વર્ષના જ્ઞાન-ઉજ્જવળ અભિનંદન!

ૐ નમો નારાયણ.

સ્વાસ્થ્ય
જાળવણી



આરોગ્ય જ સાચી **સંપત્તિ** છે...



ડૉ. નંદિની એસ. ગોસાઈ
જામનગર

જીવનમાં સફળતા, સુખ અને શાંતિ મેળવવા માટે સૌથી મહત્વપૂર્ણ બાબત છે. સ્વસ્થ શરીર અને નિરોગી મન.

આજના યુગમાં માણસ પોતાના કામકાજમાં એટલો વ્યસ્ત થઇ ગયો છે કે પોતાના આરોગ્ય તરફ ધ્યાન આપવાનું ભૂલી જાય છે. પરંતુ સાચી સંપત્તિ પૈસા કે ભૌતિક વસ્તુઓ નહીં - આરોગ્ય છે.

દૈનિક જીવનમાં થોડી કાળજી લઈએ તો અનેક બીમારીઓથી બચી શકાય છે. સવારે ઉઠીને થોડું વોકિંગ કે યોગ, શુદ્ધ આહાર, સમયસર ઊંઘ અને સકારાત્મક વિચારધારા - આ બધું આપણા જીવનને સંતુલિત રાખે છે. સંતુલિત આહાર એટલે કે શરીરને જરૂરી પોષક તત્વો આપતો ખોરાક. વધારે તેલ, મીઠું અને ખાંડથી બનેલા ખોરાક ટાળવા જોઈએ. રોજ ફળ-શાકભાજીનું સેવન, પૂરતું પાણી પીવું અને તાણ (સ્ટ્રેસ) દૂર રાખવો એ સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી છે.

માનસિક આરોગ્ય પણ એટલું જ મહત્વનું છે જેટલું શારીરિક આરોગ્ય. દરરોજ થોડો સમય પોતાના મન માટે આપો - પ્રાર્થના, ધ્યાન અથવા સંગીત દ્વારા મનને શાંત કરો. મન શાંત રહેશે તો શરીર પણ સ્વસ્થ રહેશે.

ચાલો, આજથી જ નિર્ધાર કરીએ કે આરોગ્યને પ્રથમ સ્થાન આપીએ. કેમ કે "આરોગ્ય વિના આનંદ શક્ય નથી અને આનંદ વિના જીવન અધૂરું છે."

ૐ નમો નારાયણ.

બોધ
કથા



સાચો ઉછેર : મજબૂત મૂળિયાંની તાકાત...

મંથનપુરી એલ. ગોસ્વામી
સુરત



એક સમયની વાત છે, એક વિદ્યાર્થી સખત મહેનત કરતો હતો, પણ તેને ધાર્યા મુજબ સફળતા મળતી નહોતી. પરીક્ષાઓમાં નિષ્ફળતા અને નોકરી મેળવવામાં વારંવારની નિરાશાથી તે હિંમત હારી ગયો. તેના જીવનમાં કોઈ આશા બચી નહોતી, અને તે ખૂબ જ નકારાત્મક વિચારોથી ઘેરાઈ ગયો હતો. અંતે, કોઈ ઉકેલ ન મળતાં, તેણે આત્મહત્યા કરવાનો કઠોર નિર્ણય લીધો.

જ્યારે તે જંગલમાં આત્મહત્યા કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે અચાનક એક મહાત્માની નજર તેના પર પડી. મહાત્માએ તેને પૂછ્યું, "બાળક, તું આટલો નાસીપાસ કેમ છે? શું દુઃખ છે?"

વિદ્યાર્થીએ કહ્યું, "મેં મારા જીવનમાં લગભગ બે વર્ષથી સખત મહેનત કરી છે, પણ મને ક્યારેય સફળતા મળી નથી. હું પરીક્ષામાં નિષ્ફળ જાઉં છું અને ક્યાંય

નોકરી મળતી નથી. હવે મારી પાસે જીવવાનું કોઇ કારણ નથી."

મહાત્મા હસ્યા અને કહ્યું, "હે પુત્ર, તને બધું મળશે, પણ તારે થોડીક વધારે મહેનત કરવી પડશે."

વિદ્યાર્થી નિરાશ થઇને બોલ્યો, "હું કોઇને લાયક જ નથી. મારાથી શું થશે?"

જ્યારે મહાત્માએ જોયું કે વિદ્યાર્થી સંપૂર્ણપણે નાસીપાસ થઇ ગયો છે, ત્યારે તેમણે તેને એક વાર્તા કહી:

"એક સમયની વાત છે, ભગવાને બે છોડ વાવ્યા - એક વાંસનો અને બીજો બાવળનો."

"બાવળનો છોડ ઝડપથી વધવા લાગ્યો, જ્યારે વાંસનો છોડ જેમનો તેમ જ રહ્યો. ભગવાને હિંમત ન હારી. બીજા વર્ષે પણ એવું જ થયું. બાવળનો છોડ ખૂબ જ મોટો થઈ ગયો, તો પણ ભગવાને ધીરજ રાખી."

"થોડા દિવસ પછી, વાંસના છોડનું બીજ ફૂટી નીકળ્યું અને જોતજોતામાં વાંસનું વૃક્ષ બાવળ કરતાં પણ ખૂબ જ ઊંચું વધવા લાગ્યું. વાંસના વૃક્ષને તેના મૂળને મજબૂત બનાવવા માટે થોડા વર્ષો લાગ્યા હતા."

મહાત્માએ વિદ્યાર્થીને સમજાવ્યું, "આ તારો સખત મહેનત કરવાનો સમય છે, તારા મૂળને મજબૂત કરવા માટેનો સમય છે. તું આ સમયને મૂલ્યવાન સમજજે. જેમ જેમ તારા મૂળ મજબૂત બનશે, તેમ તેમ તને જીવનમાં સફળતા પ્રાપ્ત થશે."

"વાંસે પોતાની સરખામણી બાવળ સાથે ન કરી, કારણ કે વાંસ જાણે છે કે બાવળના મૂળ ખૂબ જ નબળા છે અને સહેજે તોફાન આવશે તો ઉખડી જશે. પરંતુ તેના મૂળ એટલા મજબૂત છે કે મોટા તોફાન પણ તેને નુકસાન પહોંચાડી શકશે નહીં."

વિદ્યાર્થીઓએ જીવનમાં ક્યારેય સંઘર્ષથી ડરવું જોઈએ નહીં. સખત મહેનત કરીને તમારા મૂળને એટલા મજબૂત બનાવો કે, મોટા-મોટા તોફાન પણ તમારા દૃઢ ઇરાદાને ક્યારેય નબળા બનાવી શકે નહીં. તમારી નિષ્ફળતાઓ એ તમારી પ્રગતિનો જ ભાગ છે - તે તમને અંદરથી મજબૂત બનાવે છે.

"સંઘર્ષ એ જીવનનો સાર છે. પડકારોથી ડર્યા વિના, મક્કમતાથી લડી લેવું. આજના સંઘર્ષની પીડા જ આવતીકાલની ભવ્ય સફળતાનો પાયો નાખે છે. સપનાં સાકાર કરવા માટે સંઘર્ષ અનિવાર્ય છે; તે જ સાચી તાકાત અને સન્માન અપાવે છે."

હાસ્ય

કણિકાઓ



દર્શનપુરી ડી. ગોસ્વામી
સુરત

- ડૉક્ટર - જ્યારે તમે ગુસ્સે થાઓ છો ત્યારે તમે શું કરો છો?

  પપ્પુ - હું મંદિર જાઉં છું.

  ડૉક્ટર - તે ખૂબ સરસ છે! પ્રાર્થના કરવા માટે?

  પપ્પુ - ના, ત્યાં નેટવર્ક સારું છે!

• • •

- શિક્ષક: દીકરા, દુનિયાનું સૌથી જૂનું શહેર કયું છે?

  પપ્પુ: "વોટ્સએપ સિટી"

  શિક્ષક: તે કેવી રીતે?

  પપ્પુ: કારણ કે બધા કહે છે, "યાર, આ ગ્રુપ ખૂબ જૂનું છે!"

• • •

- શિક્ષક: બાળકો, મને કહો કે "આળસુ" કોને કહેવાય?

  પપ્પુ: કોઈ એવો વ્યક્તિ જે પ્રશ્ન સાંભળ્યા પછી જવાબની રાહ જોતો રહે છે!

• • •

- ડૉક્ટર: તમને શું થયું છે?

  દર્દી: ડૉક્ટર, હું બોલું છું ત્યારે દુઃખે છે.

  ડૉક્ટર: તો પછી બોલશો નહીં, ભાઈ!

• • •

- ગોલુ - પપ્પા, મારી સ્કૂલમાં બધા મને "ગુગલ" કહે છે.

  પપ્પા - કેમ, દીકરા?

  ગોલુ - કારણ કે હું દરેક પ્રશ્નનો ખોટો જવાબ આપું છું!

• • •

- ઘરવાળી ને માતાજી આવ્યા ને ધુણવા માંડી. પતિ પગ મા પડી ગ્યો. ઘરવાળી એ ધુણતા ધુણતા હાક પાડી, માંગ માંગ... માગે તે આપું...

  પતિ : છૂટાછેડા આપો માઁ... છૂટાછેડા....

- "ત્રીજું નેત્ર" એટલે શું...?

  "બસ એક કલાકમાં હું આવું છું...તું તૈયાર રહેજે, બહાર જમવા જાશું..."

  પત્નીને આવું કહ્યા પછી....ફોન સ્વીચ ઓફ (કરી શકતા હો તો...!) કરી દેવો...

  ...ને ત્રણ કલાક પછી ઘરે જવાનું..અને, નિર્દોષ ભાવથી પૂછવાનું કે...

  "જમવામાં શું બનાવ્યુ છે....?"

  ...પછી જે ખૂલી જાય એને..."ત્રીજું નેત્ર" કહેવામાં આવે છે...!!

• • •

હેલ્થ
ટીપ્સ

એપેન્ડિક્સ નાનું અંગ જોખમ મોટું...



ડૉ. સાગર આર. ગોસાઈ
જામનગર

ૐ નમો નારાયણ.

આપણા શરીરમાં ઘણા એવા અંગો છે, જેના વિશે આપણે બહુ ઓછું જાણીએ છીએ. એમાંથી એક છે - એપેન્ડિક્સ (Appendix).

આ નાનકડું અંગ શરીરમાં મોટું કામ ન કરતાં છતાં, જ્યારે તેમાં ઈન્ફેક્શન થાય ત્યારે એ મોટી તકલીફોનું કારણ બની શકે છે.

એપેન્ડિક્સ શું છે?

એપેન્ડિક્સ એક નાની ટ્યુબ જેવી થેલી છે, જે "આંતરડી (large intestine)" ના આરંભ ભાગ સાથે જોડાયેલ હોય છે. તેનું કદ આશરે 3 થી 4 ઇંચ જેટલું હોય છે.

વિજ્ઞાન અનુસાર, આજના સમયમાં એપેન્ડિક્સનો કોઈ ખાસ ઉપયોગ નથી, પણ પહેલાંના યુગમાં તે પાચનક્રિયામાં મદદરૂપ હતું એવું માનવામાં આવે છે.

એપેન્ડિક્સમાં ઈન્ફેક્શન એટલે શું?

જ્યારે એપેન્ડિક્સમાં કોઈ અવરોધ થાય છે - જેમ કે, આંતરડાનું કચરું, બેક્ટેરિયા અથવા ઈન્ફેક્શન - ત્યારે તે ફૂલવા લાગે છે અને દુખાવો થવા લાગે છે.

આ સ્થિતિને એપેન્ડિસાઇટિસ (Appendicitis) કહેવામાં આવે છે.

લક્ષણો (Symptoms):

પેટના જમણા નીચેના ભાગમાં તીવ્ર દુખાવો, ઉબકા કે ઉલ્ટી, ભૂખમાં ઘટાડો, તાવ, ક્યારેક પેટ ફૂલે છે અને દબાણ થાય છે.

જો આ લક્ષણો જણાય તો તાત્કાલિક ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

કારણ કે ઈન્ફેક્ટ થયેલું એપેન્ડિક્સ ફાટી જાય તો ઈન્ફેક્શન આખા પેટમાં ફેલાઈ શકે છે, જે જીવલેણ સાબિત થઈ શકે છે.

સારવાર:

એપેન્ડિસાઇટિસની સારવાર માટે સામાન્ય રીતે સર્જરી (Appendectomy) કરવામાં આવે છે.

આ ઓપરેશન ખૂબ જ સરળ અને સલામત ગણાય છે. સર્જરી પછી થોડા જ દિવસોમાં દર્દી સ્વસ્થ થઈ શકે છે.

કેવી રીતે બચી શકાય?

જોકે એપેન્ડિસાઇટિસને સીધી રીતે અટકાવવી મુશ્કેલ છે, પરંતુ સ્વસ્થ આહાર, પૂરતું પાણી પીવું અને ફાઈબરવાળો ખોરાક લેવું આંતરડાને સ્વસ્થ રાખે છે.

ચિત્ર
સંદેશ

એવી **સમસ્યાઓ** બનાવવાનું બંધ કરો જે અસ્તિત્વમાં **છે જ નહીં.**



Stop Creating **Problems That Aren't** Even There.

ધન્યવાદ

આભાર

ૐ નમો નારાયણ,

અત્યંત આનંદની લાગણી સાથે આ **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝીનનો **નવેમ્બર-૨૦૨૫**નો **૪૦મો** અંક આપની સમક્ષ રજૂ કરીએ છીએ. આ સાથે આપણું "દશનામ સરક્યુલર" ઈ-મેગેઝીન સફળતાપૂર્વક ત્રણ વર્ષ પૂરા કરે છે. અમારા આ સેવાયજ્ઞમાં આપના સહકાર બદલ આપ સર્વે જ્ઞાતિબંધુઓ, વાચક મિત્રો, લેખક બંધુઓ સર્વેનો દિલથી આભાર વ્યકત કરૂં છું...

મને આશા છે કે આ અંક પણ આપને જરૂર ગમશે અને ઉપયોગી થશે. અગર આપ એવું ઈચ્છતા હો કે આ અંક આપણા સમાજના દરેક પરિવાર, સભ્ય સુધી પહોંચે, તો આપ આપના સગા-સ્નેહીજનો-મિત્રોના ગ્રુપમાં પણ જરૂર શેર કરજો.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનમાં સંકલિત કરેલી કેટલીક ઉપયોગી માહિતી સોશિયલ મિડીયાના માધ્યમથી આપણા સમાજની દરેક વ્યકિત, પરિવાર સુધી પહોંચે અને ઉપયોગી થાય એવો અમારો આ નમ્ર પ્રયાસ છે.

આ ઈ-મેગેઝિનનો અંક દર અંગ્રેજી મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રસિદ્ધ થાય છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનને હજુ પણ શ્રેષ્ઠતમ બનાવવા આપના સૂચનો આવકાર્ય છે.

આ અંક માટે આપનો અભિપ્રાય અમને **વેબસાઈટ, વોટ્સએપ, ટેલિગ્રામ** અથવા **ઈ-મેલ** પર જરૂર મોકલશો, આપનો અભિપ્રાય અમારો ઉત્સાહ વધારશે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનના આગળના દરેક અંક આપ અમારી **વેબસાઈટ, ફેસબુક, ટેલિગ્રામ ચેનલ, વોટ્સએપ ગ્રુપ, ગુગલ ડ્રાઈવ** તેમજ **ઈન્ટરનેટ આરકાઈવ** પરથી દરેક અંક વિનામુલ્યે પ્રાપ્ત કરી શકો છો. જેની લિંક આ અંકમાં આપેલી છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનના અંકો સમાજના લાખો લોકો સુધી પહોંચે છે. દરેકના અભિપ્રાય, સૂચનો પણ મળે છે. આપનો ખૂબ ખૂબ ધન્યવાદ.

આપના આશીર્વાદ અને સાથ સહકાર મળતા રહે એવી અપેક્ષા સહ...

ૐ નમો નારાયણ...

- તંત્રીશ્રી લલિતપુરી આર. ગોસ્વામી

VISIT US :
www.dashnamcircular.me

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

માસિક
ગુજરાતી ઈ-મેગેઝિન

દર મહિને અંક પ્રાપ્ત કરવા માટે

www.dashnamcircular.me VISIT

વોટ્સએપ ગ્રુપ JOIN

ટેલિગ્રામ ચેનલ JOIN

ગુગલ ડ્રાઈવ CLICK

INTERNET Archive
ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK

દશનામ સરક્યુલર
ઈ-મેગેઝિન

દ્વારા

પ્રકાશિત થયેલા **વિશેષાંકો**ની ઝલક...





www.dashnamcircular.me VISIT

શત્ શત્ નમન

અમારામાં સંસ્કારો અને આવડતોનું સિંચન કરનાર
અમારાં માતા-પિતાને...

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ।।

પૂ. પિતાશ્રી રામપુરી નારણપુરી ગોસ્વામી • પૂ. માતુશ્રી જમનાબેન રામપુરી ગોસ્વામી



પૂજ્ય શ્રી રામપુરી બાપુનો સમસ્ત પરિવાર

રબારીકા - જામજોધપુર / સુરત.